


Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 37,(SURAT), DATE-05/03/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૩૭, (સુરત), તા.૦૫/૦૩/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફિસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 આદિવાસી સંસ્કૃતિની ઝાંખી દેખાડતો સંસ્કૃતિક કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર બનશે

3 વ્યારા સુગરે આ વર્ષે ૧,૨૪,૪૭૬ ક્વિન્ટલ ખાંડનું ઉત્પાદન કર્યું

4 ગાયના છાણમાંથી નિર્મિત છાણાથી પ્રગટાવાશે વૈદિક હોળી


## સુરતના લિંબાયત ખાતે યોજનાર વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ સ્થળની મુલાકાત લેતા રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાયઃ પોલીસ બંદોબસ્ત, આયોજન અને પૂર્વ તૈયારીઓનો તાગ મેળવ્યો

### ૭ મીએ મોદીનો રોડ શો, રૂટ પર ૩૦ સ્થળે સ્વાગત કરવા સ્ટેજ બનાવાશે

સુરત- ૭ માર્ચે વડાપ્રધાનના કાર્યક્રમને લઇ તડામાર તૈયારી ચાલી રહી છે. મોદી હેલિપેડથી કાર્યક્રમ સ્થળ સુધી રોડ શો કરવાના હોવાથી સ્વાગત માટે ૩૦ સ્ટેજ બનાવાશે. વિવિધ સમાજના અગ્રણીઓ રોડ શો દરમિયાન વડાપ્રધાનનું સ્વાગત કરશે. સુરક્ષા વ્યવસ્થાની જાણકારી મેળવવા માટે ડીજીપી વિકાસ સહાય સોમવારે સુરત આવ્યા હતા, જ્યાં તેમણે કાર્યક્રમ સ્થળ, સ્ટેજ અને હેલીપેડ સહિતની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. મોદીના લિંબાયત નીલગીરી ગ્રાઉન્ડ ખાતે યોજાનારા કાર્યક્રમમાં ૧ લાખથી વધુ લોકો ઉપસ્થિત રહેશે તેવો અંદાજ છે. જ્યારે કાર્યક્રમ પહેલાં તેઓ દોઢ કિલોમીટરનો ભવ્ય રોડ શો કરશે, જ્યાં રૂટ પર હજારો લોકો જોડાશે. દરમિયાન, પાલિકાએ રોડ શો રૂટ પરનાં તમામ દબાણો તાબડતોબ ગાયબ કરી દીધાં છે.

ખાદ્ય સુરક્ષા સંતૃપ્તિ અભિયાનઃ ૨ લાખ લોકોને મફત અનાજ વિતરણ

ડીજીપી વિકાસ સહાય, પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોત, કલેક્ટર સૌરભ પારધીએ સમીક્ષા કરી હતી.





કલેક્ટર ડો. સૌરભ પારધી, ડીડીઓ શિવાની ગોયલ, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, ઉચ્ચ અધિકારીઓ જોડાયા

તૂટેલા રોડની મરામત, બ્રિજ, દીવાલો પર આકર્ષક પેઇન્ટિંગ કરાયાં.

લિંબાયતમાં સાંજે કાર્યક્રમ કર્યા પછી મોદી સરકીટ હાઉસમાં રાત્રિ રોકાણ કરશે, જ્યારે ૮મીએ કાર્યક્રમ માટે નવસારી જશે. સુરતમાં સમગ્ર રૂટ પર તૂટેલા રસ્તા રાતોરાત રિપેર થઇ ગયા, બ્રિજ, રોડ સાઇડ દીવાલો પર આકર્ષક પેઇન્ટિંગ, બ્યુટિફિકેશન કરવામાં આવી રહ્યું છે. કૂંડાને રંગરોગાન, ટ્રાફિકને લગતા પટ્ટા વગેરે બનાવાયા છે. વડાપ્રધાનને ફુલ ગુલાબી ચિત્ર દેખાડવા તંત્રે એડીચોટીનું જોર લગાવ્યું છે. વડાપ્રધાન ખાદ્ય સુરક્ષા સંતૃપ્તિ અભિયાન કાર્યક્રમમાં હાજરી આપશે, જેમાં ૨ લાખ લોકોને મફત અનાજ વિતરણ શરૂ કરાવશે. ૫૦,૦૦૦ વૃદ્ધો, વિધવાઓ અને વિકલાંગો માટે રેશનકાર્ડને NFSAમાં રૂપાંતરિત કરાયા છે. વડાપ્રધાન વ્યક્તિગત રીતે ૧૫ લાભાર્થીઓને ખાદ્ય કિટ વિતરીત કરી સંવાદ કરશે.

### બારડોલીની સ્ટેશન પ્રાથમિક શાળામાં નોન-ફાયર કુકિંગ તાલીમ

## માસ્ટર શેફ કીર્તનભાઈએ ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને ભેલ, જ્યુસ, કોલ્ડ કોફી બનાવતા શીખવ્યું

**બારડોલી-** બારડોલી રાજમાર્ગ પર આવેલી સ્ટેશન પ્રાથમિક શાળામાં ફ્રી વોકેશનલ કાર્યક્રમ અંતર્ગત નોન-ફાયર કુકિંગ તાલીમનું આયોજન કરવામાં આવ્યું. રાજ્ય સરકારના દિશા નિર્દેશ મુજબ શરૂ થયેલા આ પ્રોજેક્ટમાં ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને વિવિધ વાનગીઓ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી.



શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલના માસ્ટર શેફ કીર્તનભાઈએ વિદ્યાર્થીઓને નોન-ફાયર કુકિંગની તાલીમ આપી. તેમણે ભેલ, જ્યુસ બાસ્કેટ, ચાટ અને કોલ્ડ કોફી જેવી વિવિધ વાનગીઓ બનાવવાની પદ્ધતિ શીખવાડી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે ઘરકામ અને રસોઈ કળા શીખવવાનો હતો. વિદ્યાર્થીઓએ આ તાલીમમાં ઉત્સાહભેર ભાગ લીધો અને વિવિધ વાનગીઓ બનાવવાની આવડત મેળવી હતી.

### બારડોલીમાં રાજપૂત પ્રીમિયર લીગનું રોમાંચક સમાપન

## ગોહિલ વોરિયર્સે ટિયાના ઇન્ડિયન્સને હરાવી ફાઇનલ જીતી, ૮ ટીમોના ૧૭૦ થી વધુ ખેલાડીઓએ લીધો ભાગ

**બારડોલી-**બારડોલી તાલુકાના બમરોલી ગામે નિરુબા ફાર્મ ખાતે રાજપૂત પ્રીમિયર લીગ સિઝન-૧નું સફળ સમાપન થયું છે. દક્ષિણ ગુજરાતના રાજપૂત સમાજમાં યુવાઓનું સંગઠન મજબૂત બને અને રમત-ગમતમાં નવી પ્રતિભાઓ આગળ આવે એ હેતુથી આ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આઈપીએલની જેમ જ ઓક્શન પદ્ધતિથી ટીમોના ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. કુલ ૮ ટીમો માટે ૧૭૦ થી વધુ ખેલાડીઓની હરાજી કરવામાં આવી હતી. ફાઇનલ મેચ ગોહિલ વોરિયર્સ અને ટિયાના ઇન્ડિયન્સ વચ્ચે રમાઈ હતી, જેમાં ગોહિલ વોરિયર્સે વિજેતા પદ હાંસલ કર્યું હતું.

સમાપન સમારોહમાં બારડોલી વિભાગ રાજપૂત સમાજ ટ્રસ્ટના હોદ્દેદારો, યુવા સંગઠનના પદાધિકારીઓ




અને બમરોલી ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમના હસ્તે વિજેતા અને રનર્સ અપ ટીમને ટ્રોફી તેમજ રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ ટીમના માલિકોને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી. બારડોલી રાજપૂત યુવા સંગઠનના ચિંતનસિંહ ચાવડા અને નિરુબા ફાર્મના સંદીપસિંહ સોલંકીના નેતૃત્વમાં આ ટેનિસ ક્રિકેટ ટૂર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

**આઈપીએલની જેમ જ ઓક્શન પદ્ધતિથી ટીમોના ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. કુલ ૮ ટીમો માટે ૧૭૦ થી વધુ ખેલાડીઓની હરાજી કરવામાં આવી હતી. ફાઇનલ મેચ ગોહિલ વોરિયર્સ અને ટિયાના ઇન્ડિયન્સ વચ્ચે રમાઈ હતી**

### રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર અંતર્ગત

### કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર, ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ અને પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર, ઉદયપુરના સહયોગથી આયોજિત વસંતોત્સવ-૨૦૨૫








રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર અંતર્ગત કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર, ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ અને પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર, ઉદયપુરના સહયોગથી આયોજિત વસંતોત્સવ-૨૦૨૫

સાબરમતી નદીના તીરે સંસ્કૃતિ કુંજમા 'વસંતોત્સવ ૨૦૨૫' ના ભવ્ય સમાપન અંતિમ દિવસ લોકનૃત્યના સાંસ્કૃતિક કાર્યક્રમમા કલા જગત ની નૃત્ય કલા, તંતુ વાદ્યા કલા, લોકનૃત્ય કલા જેવા બહુ આયામ કલાનો સુભગ સમન્વય બારડોલીના કલાગુરુ સુશ્રી ત્વિષા વ્યાસ ગ્રુપ દ્વારા રાધા -કૃષ્ણ નૃત્યનો અદભૂત કાર્યકમ પ્રસ્તુત કરવામા આવ્યુ આ સાથે ત્વિષા વ્યાસ દ્વારા વાયોલિન વાદન ની ઉતમ પ્રસ્તુતિ કરવામા આવી હતી.

ગોપીયો બનેલ દ્રષ્ટિ , સ્વાતિ, મમતા, રાધા, નીલમ, કેશવી, જાનશી, ઈશા, કૃષ્ણમય બની સુંદર નૃત્ય સંગત કરી હતી. આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય લોક કલાકરો અને કારીગર કસાબીઓને રજૂ કરી સુંદર સફળ આયોજન કરી ગુજરાત રાજ્યના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ, કમિશ્નર શ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર લોકકલા ને જીવંત રાખવા શ્રેષ્ઠ પ્રયત્ન કર્યો હતો.







Date-05/03/2025 Wednesday
ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## પલાશ પર્વમાં ઢોલ સ્પર્ધામાં ભાગ લેવા માંગતા સ્પર્ધકોને જોગ

તાપી-જિલ્લા વહિવટી તંત્ર, તાપી દ્વારા સયાજી ગ્રાઉન્ડ, વ્યારા ખાતે પલાશ પર્વ ની ઉજવણી તા. ૧૧/૦૩/૨૦૨૫ તથા તા. ૧૨/૦૩/૨૦૨૫ દરમ્યાન કરવામાં આવનાર છે. આ પર્વ ની ઉજવણી નિમિત્તે વિવિધ આદિવાસી જૂથો દ્વારા પરંપરાગત સંગીતકળા, વાદ્યકળા, નૃત્યકળા તેમજ વિવિધ આદિવાસી વાનગીઓના સ્ટોલ પણ રાખવામાં આવનાર છે. તા.૧૨/૦૩/૨૦૨૫ ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ ઢોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રથમ ક્રમે વિજેતા થનારને રૂ.૨૧૦૦૦, દ્વિતીય ક્રમે વિજેતા થનારને રૂ.૧૫૦૦૦ - અને તૃતિય ક્રમે વિજેતા થનારને રૂ.૧૧૦૦૦ પુરસ્કાર પણ આપવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકોએ તા. ૦૮/૦૩/૨૦૨૫ સુધી કચેરી સમય દરમ્યાન પોતાનું નામ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, તાપી બ્લોક નં-૬, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન, પાનવાડી, વ્યારા, જિ.તાપી ખાતે નોંધાવાનું રહેશે. સ્પર્ધાના નિયમો અને સૂચનાઓ માટે કચેરીનો સંપર્ક કરવો. જેના નામ નોંધાયેલા હશે તેમને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.

## વ્યારાની ૨ શાળામાં વાનરોના ટોળાનો આતંક:ક્યારેક ક્લાસરૂમમાં ઘુસી જાય તો ક્યારેક મેદાનમાં કરે છે હુમલો

વ્યારા- વ્યારા નગરમાં ર.ફ. દાબુ કેળવણી મંડળ સંચાલિત કે.બી.પટેલ, કે.કે.કદમ અને ખૂ.મ ગાંધી શાળા માં છેલ્લા એક સપ્તાહથી વાનરોનું ઝુંડનો આતંક ખૂબ જ વધી ગયો છે. શાળાઓના મેદાનોમાં તેમજ કલાસરૂમ કપીરાજો આવી જાય શિક્ષણ કાર્યમાં તેમજ બાળકોને રમત રમતી વેળાએ ખલેલ પહોંચાડી રહ્યા છે. વ્યારા વન વિભાગ દ્વારા બાળકોને મુશ્કેલી અંગે ગંભીરતા દાખવી પાંજરુ મૂકી દેવાયું છે, પરંતુ યોગ્ય આયોજન ન કરતા કપિરાજ પાંજરે ન આવતા બાળકોની મુશ્કેલીઓ વધી છે.

વ્યારા નગરમાં ર.ફ. દાબુ કેળવણી મંડળ સંચાલિત શાળાઓમાં છેલ્લા બે અઠવાડિયાથી શાળાઓમાં વાનરોનું ઝુંડ આવે છે. જેના કારણે બાળકોના અભ્યાસમાં ખલેલ પડે છે. બાળકોના મનમાં બહાર આવવા માટે ડર રહે છે. મેદાન ઉપર બાળકો રમતા હોય ત્યારે આવી અચાનક હુમલાઓ કરતા હોય છે, અને ઘણીવાર શાળાની અંદરની લોબીમાં તથા વર્ગમાં વાનરો આવી જાય છે. રિસેસના સમયમાં આવે ત્યારે બાળકોમાં ભાગદોડ મચી જાય છે, જેને કારણે બાળકોને પડી જવાની અને



સામસામે અથડાય જવાની પરિસ્થિતિ ઉભી થાય છે. તેથી, નાની મોટી ઇજાઓ પણ થાય છે. ભવિષ્યમાં કોઈ મોટો અકસ્માત ન સર્જાય એ માટે એ માટે વ્યારા વન વિભાગને જાણ કરતા વન વિભાગ દ્વારા શાળાના મેદાનમાં પાંજરું મુકાયું છે. પણ કપીરાજ અંદર પુરાતા નથી.

## પ્રેમ સંબંધ ખુલ્લો પડી જતા પરિણીતાએ ફાંસો ખાઇ લીધો

વાલોડ- વાલોડના અધ્યાપોર ખાતે મંદિર ફળિયામાં રહેતા રાનીબેન નરેન્દ્રભાઈ પટેલ તેમના પતિ અને જેઠ - જેઠાણી સાથે સંયુક્ત પરિવારમાં રહેતા હતા.

રાનીબેને પરણિત હોવા છતાં તેમના જ ફળિયામાં રહેતા હેમાંશુભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિનાઓ સાથે આંખો મળી ગઈ હતી, અને પ્રેમ સંબંધ વિકસિત થયા હતા, અને આ પ્રેમ સંબંધની જાણ હેમાંશુભાઈ પ્રજાપતિના સગાભાઈ પંકજભાઈ પ્રજાપતિને થઈ ગઈ હતી, આ પ્રેમ સંબંધની પંકજભાઈ પ્રજાપતિને જાણ થતા જ રાનીબેનને તેમના ભાઈ હિમાંશુભાઈ સાથે પ્રેમ સંબંધ ન રાખવા સમજાવ્યા હતા, આ વાતની જાણ ગામમાં તથા રાનીબેનના પતિ તથા જેઠ અને જેઠાણીને ખબર પડી જતા પોતે તેમને શું કહેશે તેવી બીક રાખી સવારે પોતાના ઘરના જ ઉપરના માળીએ લાકડાના આડિયા સાથે દોરડા વડે ગળે ફાંસો ખાધો હતો. આ બાબતની જાણ તા. ૦૨/૦૩/૨૦૨૫ ના ૧૦ કલાકથી ૧૨ કલાક ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હોવાનો બનાવ બન્યો હતો.

એક પરણીતા પોતાના પતિને પ્રેમ સંબંધની જાણ થઈ જશે, તો તેમને શું કહેવું એ ડરના માર્યા પોતાના જીવન ટૂંકાવી દીધો હતો.

### દક્ષિણ ગુજરાતના પશુપાલકોને મોટી રાહત

## હવે ફક્ત રૂ.૧૦૦માં ગાય-ભેસ માટે વીમા, આકસ્મિક મોત પર મળશે રૂ.૪૦,૦૦૦ સુધીની સહાય

બારડોલી- દક્ષિણ ગુજરાતના પશુપાલકો માટે પશુધન વીમા સહાય યોજના અંતર્ગત હવે ફક્ત રૂ.૧૦૦ ચૂકવીને દૂધાળી અથવા ગાભણ ગાય-ભેંસનો વીમો ઊતારવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. એક પશુપાલકને મહત્તમ ૧૦ પશુઓ સુધી આ યોજનાનો લાભ મળી શકશે. પ્રીમિયમની બાકીની રકમ રાજ્ય સરકાર ભરી દેશે.



આકસ્મિક મોતના કિસ્સામાં મળશે વળતર આ યોજના અંતર્ગત, જો ગાય અથવા ભેંસનું આકસ્મિક મોત થાય, તો વીમા કંપની પશુપાલકોને રૂ.૪૦,૦૦૦ સુધીની સહાય ચૂકવશે. પશુપાલકો આ લાભ મેળવવા માટે આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકે છે. દક્ષિણ ગુજરાતમાં પશુ મૃતાંક દર ૭% થી ૧૦% દક્ષિણ ગુજરાતમાં અનેક પરિવાર પશુપાલન સાથે સંકળાયેલા છે અને ગાય-ભેંસની કિંમત રૂ.૭૦,૦૦૦થી રૂ ૧,૦૦,૦૦૦ સુધી પહોંચી ગઈ છે. જો આ મોંઘી પશુઓનું મોત થાય, તો પશુપાલકોને ભારે આર્થિક નુકસાન થાય છે. એક અંદાજ મુજબ, દક્ષિણ ગુજરાતમાં પશુઓના મૃત્યુનું પ્રમાણ ૭%થી ૧૦% છે.

સુરત-તાપીમાં ૬ લાખ પશુ પૈકી માત્ર ૩૦,૦૦૦નો વીમો સુરત અને તાપી જિલ્લામાં ૬ લાખ જેટલા ગાય-ભેંસ છે, પણ હાલ માત્ર ૩૦,૦૦૦ પશુઓના વીમા લેવાયા છે. સુમુલ ડેરી દ્વારા કેટલાક પશુપાલકો માટે પશુ વીમા સુવિધા આપવામાં આવે છે, જ્યાં પશુપાલકો રૂ.૫,૦૦૦થી રૂ.૮,૫૦૦ પ્રીમિયમ ચૂકવી વીમો લે છે. આ યોજનાથી, ગાયના મોત માટે રૂ.૫૦,૦૦૦ અને ભેંસના મોત માટે રૂ.૬૦,૦૦૦ સુધી વળતર ચૂકવવામાં આવે છે.

ICICI બેંક સાથે રાજ્ય સરકારનો કરાર ખેડૂત આગેવાન જયેશ દેલાડએ જણાવ્યું હતું કે, પશુ વીમા યોજનાને સુચારુ રીતે ચલાવવા માટે ICICI બેંક સાથે રાજ્ય સરકારનો કરાર થયો છે. પશુપાલક આઈ ખેડૂત પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ બેંકના પ્રતિનિધિ પશુપાલકના ઘરે આવી માર્ગદર્શન આપશે અને વીમાની રકમ ભરવાની પ્રક્રિયા કરાવશે.

## સુરતમાં ૫૦૦ થી વધુ લોકોએ લીધો સાયક્લોથોનમાં ભાગ:વાય જંક્શનથી ડુમસ સુધી સાયકલ ચલાવી, ડ્રગ્સ ફ્રી સુરત અને સાયબર સુરક્ષાનો સંદેશ આપ્યો

સુરત- સુરતમાં ધ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ 'ઈકોપેડલ ૨૦૨૫'નું આયોજન કર્યું. આ કાર્યક્રમ ૨ માર્ચ ૨૦૨૫ના રોજ સવારે ૬ વાગ્યે યોજાશે. કાર્યક્રમની થીમ 'રાઈડ ગ્રીન, બ્રીથ ક્લીન' રાખવામાં આવી છે.

સાયક્લોથોનમાં સુરત શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોત, સંયુક્ત પોલીસ કમિશનર રાઘવેન્દ્ર વત્સ અને કમાન્ડન્ટ કુમાર અભિષેક ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શહેરના વિવિધ સાયકલિંગ ગ્રુપ અને કોલેજના વિદ્યાર્થીઓ સહિત ૫૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો.

આયોજકોએ જે લોકો પાસે સાયકલ ન હતી તેમના માટે ૧૦૦ સાયકલની વિશેષ વ્યવસ્થા કરી હતી. ચેમ્બરના પ્રમુખ વિજય મેવાવાલા, ઉપપ્રમુખ નિખિલ મદ્રાસી અને સુરતના બાઈસિકલ મેયર અનિલ મરડીયાની હાજરીમાં સાયક્લોથોનને ફ્લેગ ઓફ કરવામાં આવ્યું.




**સાયક્લોથોનમાં સુરત શહેરના પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોત, સંયુક્ત પોલીસ કમિશનર રાઘવેન્દ્ર વત્સ અને કમાન્ડન્ટ કુમાર અભિષેક ખાસ ઉપસ્થિત રહ્યા હતા.**

### તાપી જીલ્લામાં ૧૧-૧૨ માર્ચના રોજ પલાશ પર્વ ઉજવાશે

## આદિવાસી સંસ્કૃતિની ઝાંખી દેખાડતો સંસ્કૃતિક કાર્યક્રમ આકર્ષણનું કેન્દ્ર બનશે



**તાપી -** ગુજરાત સરકારનાં રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તથા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર અને જિલ્લા વહિવટી તંત્ર, તાપી દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે પણ વ્યારાના સયાજી ગ્રાઉન્ડ ખાતે હોળી મહોત્સવ નિમિત્તે પલાશ પર્વની ઉજવણી ૧૧-૧૨ માર્ચના રોજ કરવામાં આવશે. આ પર્વ ની ઉજવણી નિમિત્તે વિવિધ આદિવાસી જૂથો દ્વારા પરંપરાગત સંગીતકળા, વાદ્યકળા, નૃત્યકળા તેમજ વિવિધ આદિવાસી વાનગીઓના સ્ટોલ પણ રાખવામાં આવનાર છે. આ પલાશ પર્વમાં પોલીસ બેન્ડ, સુશોભિત બળદ ગાડાઓ, ગ્રામીણ સંસ્કૃતિ, તેમજ વિવિધ વાદ્યો દ્વારા કલાકારો મનોરંજન પીરસશે. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઢોલ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ છે. ૨ દિવસીય કાર્યક્રમમાં બહારના જિલ્લાઓમાંથી કલાકારો આવશે. વ્યારા જિલ્લા સેવા સદન માટે કાર્યક્રમની તૈયારીને લઈને અધિક નિવાસી કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતો. જેમાં કાયક્રમને લગતી મુખ્ય કામગીરી, પાર્કિંગ, સ્ટોલ, પાણી-ભોજન જેવી વ્યવસ્થાઓ, સેલ્ફી બુથ, પ્રચાર પ્રસાર, સંસ્કૃતિક કૃતિઓ જેવી બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

### વૈષ્ણવ સંપ્રદાયમાં હોળી રસિયાની ભવ્ય ઉજવણી

## વ્રજરાજકુમારજીની ઉપસ્થિતિમાં ફુલફાગ મહોત્સવ યોજાયો



સુરત- સુરતના પુણાગામ ખાતે વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજીની પ્રેરક ઉપસ્થિતિમાં હોળી રસિયા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. પરસોત્તમભાઈ ગજેરા પરિવારના યજમાનપદે યોજાયેલા આ કાર્યક્રમમાં શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા સહિત અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાજકુમારજીએ જણાવ્યું કે વસંત પંચમીથી હોળી સુધીના ૪૦ દિવસ દરમિયાન રાધા-કૃષ્ણ અને ગોપીઓના રિસામણા-મનામણાનો પ્રસંગ ઉજવાય છે. તેમણે કહ્યું કે હોળી રસિયા આત્માના મનોરંજન માટેનો અલૌકિક ઉત્સવ છે.

કાર્યક્રમ દરમિયાન શ્રી વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી. ફેબ્રુઆરી ૨૦૨૬ માં સુરત ખાતે ૭૫૧ પિતૃવિહોણી કન્યાઓના સર્વજ્ઞાતિ મહાસમૂહ લગ્નનું આયોજન કરાશે. દરેક કન્યાને બે લાખથી વધુનો કરિયાવર અપાશે. આ આયોજનના સંયોજક તરીકે સોમનાથ ડેવલોપર્સના પરસોત્તમભાઈ ગજેરાની નિમણૂક કરાઈ છે.

VYO ની સુરત શાખાની નવી કમિટીની પણ જાહેરાત કરવામાં આવી. નિકુંજ ગજેરાને પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. વૈષ્ણવાચાર્યશ્રીએ નવી કમિટીના સભ્યોને ધર્મ, સમાજ અને રાષ્ટ્રસેવા માટે નિષ્ઠાપૂર્વક કાર્ય કરવાના શપથ લેવડાવ્યા.

## એસ.બી. આઈ. બેંકના કર્મચારી હોવાનું કહી ૨૯ હજારથી વધુની છેતરપિંડી

કુકરમુંડા- તાપી જિલ્લાના નિઝર તાલુકામાં આવેલ હિંગણી ગામના ભોય ફળિયાનો રહેવાસી રાહુલભાઈ આશારામભાઈ શિવદે (ઉ.વ.૩૧) ઓના મોબાઈલ પર ગત ૮ મી, ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો. અને એસ.બી. આઈ. બેંકના કર્મચારી હોવાનું જણાવીને ખોટું નામ ધારણ કરીને રાહુલભાઈ શિવદેને તમારા એસ. બી. આઈના ક્રેડિટ કાર્ડની લિમિટ વધારવા તથા રિવોર્ડ પોઈન્ટના રૂપિયા ૧૦,૦૦૦ જમા કરવાનું




જણાવી, અલગ-અલગ ત્રણ ઓ.ટી.પી. ઓ માંગીને એસ. બી. આઈ. ના ક્રેડિટ કાર્ડ નંબરમાંથી પ્રથમ વખત રૂપિયા ૯,૯૯૬ બીજી વખત રૂપિયા ૯,૯૯૯ અને ત્રીજી વખત રૂપિયા ૯,૯૯૫ મળી કુલ રૂપિયા ૨૯,૯૯૦ ટ્રાન્સફર કરીને છેતરપિંડી કરી જતા રાહુલભાઈ આશારામભાઈ શિવદે દ્વારા ગત ૨૮ મી, ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન કરનાર અજાણ્યા સ્ત્રી તથા પુરુષ સામે નિઝર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે અંગે વધુ તપાસ નિઝર પોલીસ સ્ટેશનના PIએમ. ડી. વિઠ્ઠલપરા કરી રહ્યા છે.

## ઉચ્છલ તાલુકાના ભડભુંજા આશ્રમશાળા ખાતે આયુષ મેળો યોજાયો :૧૫૮૦ જેટલા નાગરિકોએ આયુષ મેળાનો લાભ લીધો

**લોકોને પણ આવા આયોજનોનો લાભ લેવા અપીલ કરી પ્રદર્શનમાં દર્શાવેલ માહિતીને દરેક નાગરિકને જાણવા અને આયુર્વેદ સારવાર લેવા આપીલ કરી હતી.**

તાપી- ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ તથા આયુષ કચેરી ગાંધીનગર આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત તાપી દ્વારા ઉચ્છલ તાલુકાના આશ્રમશાળા ભડભુંજા ખાતે આયુષ મેળો યોજવામાં આવ્યો હતો.





કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જાલમસિંહ વસાવા અને મુખ્ય અતિથિ તરીકે ડો. જયરામભાઇ ગામીત ઉપસ્થિત રહી આયુષ મેળાને ખુલ્લો મુક્યો હતો. આ પ્રસંગે ધારાસભ્યશ્રી ડો.જયરામભાઈ ગામીતે જણાવ્યું હતું કે, આયુર્વેદનું મહત્વ કોરોના કાળમાં સમગ્ર વિશ્વનાં લોકો સમજયા છે. આયુર્વેદની તમામ દવાઓ વનસ્પતિ અને ફળફળાદીમાંથી મળી રહે છે. ત્યારે તેને જીવનનો એક ભાગ બનાવવાથી અનેક રોગથી બચી શકાય છે. બિમારીથી કેમ બચી શકાય તે જીવનશૈલી આયુર્વેદ જણાવે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, લોકોની જીંદગી અમુલ્ય છે તે માટે સરકાર આયુષ મેળાના માધ્યમથી આયુર્વેદને ઘર-ઘર સુધી પ્રચાર-પ્રસાર થાય તે સક્રીય રીતે કામગીરી કરી રહી છે. તેમણે લોકોને પણ આવા આયોજનોનો લાભ લેવા અપીલ કરી પ્રદર્શનમાં દર્શાવેલ માહિતીને દરેક નાગરિકને જાણવા અને આયુર્વેદ સારવાર લેવા આપીલ કરી હતી.

આ સાથે મહાનુભાવોના હસ્તે આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત તાપી દ્વારા ખાસ તૈયાર કરવામાં આવેલ પોષણ કીટ બાળકોને વિતરણ કરવામાં આવી હતી. ઉપરાંત મહાનુભાવોએ પોતાના હાથે બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવ્યા હતા. આઇસીડીએસ વિભાગ દ્વારા પોષ્ટિક આહારનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આયુર્વેદ વિભાગના વિવિધ માહિતી સ્પ્રદ સ્ટોલો લગાવવામાં આવ્યા હતા જેની મહાનુભાવોએ મુલાકાત લઈ વિગતે માર્ગદર્શન મેળવ્યું હતું,

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......

### દેશમાં સુમેળ અને સંપ જળવાઇ રહે તે જોવાની જવાબદારી બોર્ડની પરીક્ષાના સુપરવાઇઝરોની છે!



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

ઉદાસ વાતાવરણ, ક્યાંક સંભળાઇ જતું ડૂસકું , ક્યાંક મનોમન ચાલતા મહામૃત્યુંજય જપના જાપ એમ પરીક્ષા ખંડ અને બેસણાંનો માહોલ લગભગ એકસરખો હોય છે, આમેય દસમા-બારમાની પરીક્ષાઓ શિક્ષણનું દસમું-બારમું નહીં તો બેસણું તો છે જ !

બોર્ડની પરીક્ષા આપવી એ કેટલાક વિદ્યાર્થીઓ માટે અઘરી પ્રવૃત્તિ છે. પરંતુ બોર્ડની પરીક્ષા લેવી એ સમગ્ર શિક્ષણ તંત્ર માટે અઘરું પેપર છે. એટલું અઘરું પેપર કે આજ સુધીના ઇતિહાસમાં ક્યારેય બોર્ડની પરીક્ષા લેવામાં તંત્રને ડિસ્ટિંક્શન આવ્યું નથી. અધિકારીઓ બિચારા મહેનત કરીને પાસીંગ માર્ક્સ લાવી દે છે અને આમને આમ વર્ષોથી ગાડું ગબડતું જાય છે. જોકે, પરીક્ષા આપવા-દેવાના વ્યવહારના ખરા સાક્ષીઓ તો પરીક્ષાના સુપરવાઇઝરો હોય છે જેમણે સાક્ષીભાવ કેળવીને પ્રશ્નપત્રોમાંથી ઉત્તરવહીઓનાં અનેક સ્વરૂપે રૂપાંતરની પ્રક્રિયા જોવાની હોય છે.

બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થીઓ માટે કાઉન્સેલિંગ થાય છે, કેટલીક સ્કૂલો તો હવે માં-બાપનાં કાઉન્સેલિંગના પ્રોગ્રામ પણ ગોઠવવા માંડી છે. પરંતુ બોર્ડ પરીક્ષાઓના સુપરવાઇઝરોનું કાઉન્સેલિંગ પણ જરૂરી છે. આખરે પરીક્ષા ખંડમાં તેમના વર્તન વ્યવહારની બોર્ડનાં એકંદર પરીણામ પર મોટી અસર પડી શકે છે.

સુપરવાઇઝરોએ સૌ પહેલો તો ખ્યાલ એ રાખવાનો છે કે તેમણે પરીક્ષા ખંડમાં સાવ સફેદ, નિસ્તેજ, આછા રંગના વસ્ત્રો પહેરીને જવું નહીં. કારણ શું છે કે તમારાં વસ્ત્રો જોઇને વિદ્યાર્થીઓને એમ લાગશે કે તેઓ દસમાં-બારમાંની પરીક્ષામાં નહીં પરંતુ ખરેખર કોઇના દસમાં-બારમાંમાં આવ્યા છે કે શું ?

ભૂતકાળમાં બોર્ડની પરીક્ષામાં સુપરવિઝન કરી ચૂક્યા હોય તેમને હવે પછી પરીક્ષા સમયે સફેદ કપડાં જ પહેરવાનું મન થાય તો એમાં એમનો વાંક નથી કારણ કે પરીક્ષા ખંડનું વાતાવરણ બિલકૂલ બેસણાં જેવું જ હોય છે. ક્યાંક આછી ગૂસપૂસ ચાલતી હોય, બધા એકદમ ગંભીર શોકગ્રસ્ત ચહેરે બેઠા હોય, માત્ર આંખો કે હાથના ઇશારાથી એકબીજાની હાજરીની નોંધ લેવાતી હોય, કોણ કોને શું આશ્વાસન આપે કે આપી શકે તેની ગૂંચવણો પ્રવર્તતી હોય , અચાનક છાના ખૂણેથી કોઇક ડૂસકું સંભળાતું હોય, કોઇને વળી આવા શોકગ્રસ્ત વાતાવરણમાં ગળું ભરાઇ આવતાં વારંવાર પાણીની જરૂર બહુ પડતી હોય અને આવાં વાતાવરણમાં પણ કેટલાક લોકો આમતેમ નજરો ફેરવીને કોની સામે જોઇ લેવાથી બે ઘડી શોક હળવો થશે તે તપાસી લેતા હોય વગેરે બધો માહોલ બેસણાંમાં ને પરીક્ષા ખંડમાં લગભગ એકસરખો જ હોય છે. કહે છે કે કેટલાક વિદ્યાર્થીઓ તો ખરેખર મનમાં ને મનમાં મહામૃત્યુંજય જાપ પણ જપતા હોય છે. અમુક સ્કૂલોએ પાછું બોર્ડની પરીક્ષા ટાણે પણ પ્રાર્થના ગવડાવવાનો રિવાજ ચાલુ કર્યો છે એમાં પણ કેટલાય વિદ્યાર્થી બેસણાં મોડમાં આવી જાય છે. કહે છે કે કેટલીક સ્કૂલો તો પાછું પરીક્ષા ટાણે વાતાવરણ નિર્મળ અને ચોખ્ખું કરવા અગરબત્તીઓ પણ સળગાવવા માંડી છે. આમાં બિચારા વિદ્યાર્થીઓના કૂમળા માનસ પર થતી અસરોનો કોઇ ખ્યાલ કરવાનો કે નહીં ?

દસમાં બારમાંની પરીક્ષા એ વાસ્તવમાં શિક્ષણનું દસમું-બારમું છે કે નહીં તે અંગે ગરમાગરમ ચર્ચાઓ છાના ખૂણે ક્યારનીય ચાલી રહી છે પરંતુ શિક્ષણને લગતા તમામ પ્રશ્નોની જેમ એ બાબતે પણ કોઇ ચોક્કસ તારણ પર આવવાનું હજુ બાકી છે. એટલે પછી જેમ ચાલે છે તેમ પરીક્ષાઓ ચાલતી રહે છે. પરંતુ એ અંગે કોઇ સત્તાવાર જાહેરાત ના થાય ત્યાં સુધી સુપરવાઇઝરોએ સફેદ ઝભ્ભા લેંઘા કે બહેનોએ સફેદ સાડી કે ડ્રેસમાં સજ્જ થઇને આવવાની જરૂર નથી. જોકે, એનો મતલબ એ પણ નથી કે સુપરવાઇઝરોએ બહુ કલરફૂલ તડકભડક કપડાં પહેરીને કે બરમૂડા પહેરીને આવી જવાનું. એ કામ તો કેટલાક ઉત્સાહી વાલીઓ બજાવી જ નાખશે. વાસ્તવમાં બોર્ડની પરીક્ષાની અંદર પરીક્ષાર્થીઓનું સ્મૃતિ પ્રદર્શન હોય છે તો પરીક્ષા કેન્દ્રની બહાર મમ્મી-પપ્પાઓનું પર્સનાલિટી પ્રદર્શન પણ હોય છે. દરેક મમ્મી પપ્પા એવો દેખાવ ધારણ કરીને આવતાં હોય છે કે એવી રીતે વર્તતાં હોય છે કે તેમની સાત પેઢીમાં સૌ ટોપર જ જન્મ્યા છે અને આ બાબો કે બેબી બોર્ડની પરીક્ષામાં ટોપર હશે એવી આગાહી તો તેના જન્મ વખતે જ કોઇ જ્યોતિષીએ કરી દીધી હોય.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# વ્યારા સુગરે આ વર્ષે ૧,૨૪,૪૭૬ ક્વિન્ટલ ખાંડનું ઉત્પાદન કર્યું

**વ્યારા-** વ્યારા સુગરમાં એજન્ડાનાં તમામ કામો મંજૂર કરીને સહકારીતાનાં દર્શન કરાવ્યા છે. ખેડૂત સભાસદોનો આભાર માની થતા રાજય સરકારનાં સહયોગનાં વ્યારા સુગરને ૩૦ કરોડ મેળવવામાં આ વિસ્તારનાં તમામ આગેવાનોએ આપ સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો. ગત વર્ષમાં સુમુલ દ્વારા આપેલ નાણાં બાબતે અમુક તત્વો દ્વારા ખોટો ઉહાપોહ કરવામાં આવ્યો હતો. પરંતુ હાલમાં સુમુલમાં તમામ મોલાસીસનાં નાણાં જમા થઈ ગયા છે અને તેમા સુમુલને પણ કરોડોનો ફાયદો થયો છે. એમ પ્રમુખ માનસિંગ પટેલે વાર્ષિક સાધારણ સભામાં જણાવ્યું હતું.

તાપી જિલ્લાની જીવાદોરી સમાન આદિવાસી સુગર ફેક્ટરી ઉકાઇ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. ખુશાલપુરાની ૨૩/૨૪ની વાર્ષિક સાધારણ સભા પૂર્ણ થઈ હતી. સંસ્થાનાં પ્રમુખ માનસિંહભાઈ પટેલનાં અધ્યક્ષ સ્થાને એજન્ડાનાં તમામ કામો સર્વાનુમતે મંજૂર કરાયા. સભામાં માજી.ધારાસભ્ય અને પ્રખર આદિવાસી નેતા અમરસિંહભાઈ ઝેડ. ચૌધરીએ શાબ્દીક પ્રવચનમાં ખુબ જ સરળ, આદિવાસી ભાષામાં ખેડૂત સભાસદોને વધુ ને વધુ શેરડી પુરવઠો સંસ્થાને મળે તો આ સંસ્થા માનસિંહભાઈ પટેલ જેવા બાહોશ નેતાનો ફાયદો લઈ આ ફેક્ટરી ખૂબ સારી રીતે ચાલે ફેક્ટરી આગામી વર્ષમાં ૩થી ૪ લાખનું શેરડી પિલાણ થાય અને ફેક્ટરી ધમધમતી કરવા આહવાન કર્યું.

પ્રમુખ માનસિંગભાઈએ જણાવ્યું હતુંકે એજન્ડાનાં તમામ કામો મંજૂર કરીને સહકારીતાનાં દર્શન કરાવ્યા છે.

આ વર્ષની પરિસ્થિતી દર્શાવતા આ વર્ષે



**ખેડૂતોનાં બેક ખાતામાં શેરડી પેમેન્ટ પેટે રૂા. ૧૨.૬૧ લાખથી વધુ નાણાંનું શેરડી પેમેન્ટ થઈ ચૂક્યુ છે. આથી વ્યારા સુગર ફેક્ટરી ચાલુ થઈ આ વિસ્તારમાં ૨૦૦૦ થી ૧૫૦૦૦ માં શેરડી લઈ જતા ખેડૂતોને સીધા રૂમ. ૫૦૦ થી રૂા. ૭૦૦ વધુ મળતા આ વિસ્તારમાં કુલ ૫૦ કરોડથી વધુ નાણાં મેળવવામાં સફળતા મેળવી છે.**

૧,૨૭,૩૭૯.૦૬૦ મે. ટન શેરડી પિલાણનું પિલાણ કરી ખુબ સારી ૯.૭૯% જેટલી રીકવરી લાવીને ખૂબ જ સારી ક્વોલીટીની ખાંડ ૧,૨૪,૪૭૬ ક્વિન્ટલનું ઉત્પાદન થયુ છે. તેમજ પિલાણ સિઝન ૨૦૨૪-૨૫ માં અંદાજીત ૧૨૫૦થી વધુ ખેડૂતોનાં બેક ખાતામાં શેરડી પેમેન્ટ પેટે રૂા. ૧૨.૬૧ લાખથી વધુ નાણાંનું શેરડી પેમેન્ટ થઈ ચૂક્યુ છે. આથી વ્યારા સુગર ફેકટરી ચાલુ થઈ આ વિસ્તારમાં ૨૦૦૦ થી ૧૫૦૦૦ માં શેરડી લઈ જતા ખેડૂતોને સીધા રૂમ. ૫૦૦ થી રૂા. ૭૦૦ વધુ મળતા આ વિસ્તારમાં કુલ ૫૦ કરોડથી વધુ નાણાં મેળવવામાં સફળતા મેળવી છે. વધુમાં ખેડૂતોને નાણાંની સગવડતા મળે બેક મારફત ધિરાણ વ્યવસ્થા ઊભું કરવાનું આયોજન અંગે ચર્ચા કહી હતી.

# બારડોલી શાસ્ત્રી રોડ ખાતે ડો.હિરલબેન મિતુલભાઈ સુરમાની ફિઝિયોથેરાપી કિલનીકનો શુભારંભ





# અમદાવાદ સહિતના પાંચ જિલ્લામાં ખેડૂતો વધ્યા પણ સબસિડી ઘટી, કોગ્રેસે સરકારનો કાન આમળ્યો

વિધાનસભામાં સોમવારે કોગ્રેસના ધારાસભ્યો દ્વારા ખેડૂતોને વીજ કનેક્શન અને જેની સામે અપાયેલી સબસીડી-રાહતને લઈને સરકારને વેધક સવાલો કરાયો હતા અને સરકારનો કાન આમળવામાં આવ્યો હતો. કોંગ્રેસે અમદાવાદ સહિતના પાંચ જિલ્લામાં ખેડૂતો વધવા સામે સબસીડી ઘટી ગઈ હોવાના આંકડા રજૂ કરીને સરકારનો જવાબ માંગ્યો હતો.

સરકારે વિધાનસભામાં રજૂ કરેલા આંકડાઓ મુજબ અમદાવાદ જિલ્લામાં ૨૦૨૩માં ૩૧૬૩૭ ખેડૂતોને વીજ કનેક્શન સામે ૧૫૩.૦૪ અને ૨૦૨૪માં ૩૪૦૪૮ કનેક્શન સામે ૧૩૫.૦૯ કરોડની સહાય ચુકવાઈ હતી. આમ એક જ વર્ષમાં ખેડૂતો ૩૩૩૦ જેવા વધ્યા છે, પરંતુ સબસીડી એટલે કે સહાય ૧૮ કરોડ જેટલી ઘટી ગઈ છે.

જયારે અમરેલીમાં ૨૦૨૩ માં ૧૩૨૪૬૩ કનેક્શન સામે



૩૭૭.૪૧ કરોડ અને ૨૦૨૪ માં ૧૩૫૭૯૩ કનેક્શન સામે ૩૩૯૨.૨૮ કરોડની સહાય ચુકવાઈ. નવસારી જિલ્લામાં ૨૦૨૩માં ૫૨૨૦૫ કનેક્શન સામે ૭૪.૮૭ કરોડ તથા ૨૦૨૪માં ૫૨૩૬૯ કનેક્શન સામે ૬૬.૯૨ કરોડ રૂપિયાની સહાય ચુકવાઈ છે. જયારે મહેસાણામાં ૨૦૨૩માં ૪૩૪૬૮ કનેક્શન સામે ૭૦૧.૪૪ કરોડ અને ૨૦૨૪ માં ૪૪૪૭૧ કનેક્શન સામે ૬૩૭.૬૫ કરોડ રૂપિયાની સહાય ચુકવાઈ હતી.

સાબરકાંઠા જિલ્લામાં ૨૦૨૩માં ૮૯૯૦૨ કનેક્શન સામે ૩૭૭.૫૦ કરોડ રૂપિયા અને ૨૦૨૪માં ૯૨૪૦૦ કનેક્શન સામે ૩૪૭.૮૨ કરોડ રૂપિયાની સહાય ચુકવાઈ હતી. કોગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડા અને શૈલેષ પરમાર દ્વારા આ પાંચેય જિલ્લામાં ૨૦૨૩ની સરખામણીએ ૨૦૨૪માં ખેડૂતોની-વીજ કનેક્શનની સંખ્યા વધી હોવાનું અને સહાય કરોડો રૂપિયા ઘટી હોવાનું જણાવી સરકારને વેધક સવાલો કર્યા હતા.

### પેસેન્જરો ભરીને જતાં રિક્ષા ચાલકનું બેભાન થયા બાદ મોત

**બારડોલી-** બારડોલી-માંડવી સ્ટેટ હાઈવે પર ઉછરેલ મોરી ગામની સીમમાં રિક્ષા ચાલક અને અચાનક સુગર પ્રેશર વધી જતાં તેનું સારવાર દરમ્યાન હોસ્પિટલમાં મોત થયું હતું. આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલીની પ્રમુખ રેસિડેન્સીમાં રહેતા નારણભાઈ વિષ્ણુભાઈ પારેખ (ઉ.વ. ૭૦) રિક્ષા ડ્રાઇવિંગ કરતાં હતા. તેઓ શનિવારે સાંજે કડોદ તરફ પેસેન્જર લઈને પોતાની ઓટો રિક્ષામાં ગયા હતા ત્યારે આ ઘટના બની હતી. નારણભાઈ પારેખને સુગર અને પ્રેશરની બીમારી હતી. તબિયત ખરાબ થતાંઆ તેઓ અચાનક બેભાન થઈને રોડની બાજુમાં પડી ગયા હતા.

# ગાંધીનગરમાં સર્વોપક્ષીય બેઠકમાં MLA, આગેવાનો હાજર રહેશે; તમામના અભિપ્રાય લેવાશે

ગાંધીનગર-ગુજરાતમાં યુસીસી અંગેની જાહેરાત બાદ આજે ગાંધીનગર ખાતે આજે પ્રથમ બેઠક મળવા જઈ રહી છે. સાંજે પાંચ વાગ્યે ગાંધીનગરમાં સર્વોપક્ષીય બેઠક મળશે જેમાં તમામ જિલ્લાના ખકઅ, આગેવાનો હાજર રહેશે. બેઠકમાં તમામના અભિપ્રાય લેવાશે.

યુસીસીના અમલ માટે પહેલ કરનાર ઉત્તરાખંડ બાદ ગુજરાત બીજું રાજય બનવા જઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, રાજયમાં વસતા તમામ નાગરિકોને સમાન હક અને અધિકાર મળે તે માટે સરકાર આગળ વધી રહી છે. ગુજરાતમાં કોમન સિવિલ કોડની આવશ્યકતા ચકાસવા અને કાયદા માટેનો મુસદ્દો તૈયાર કરવા સુપ્રિમ કોર્ટના નિવૃત ન્યાયાધીશ રંજના દેસાઈની અધ્યક્ષતામાં કમિટી રચવાનો નિર્ણય કરાયો હતો.

કમિટીના રિપોર્ટના આધારે રાજય સરકાર નિર્ણય કરશે- મુખ્યમંત્રી રાજયમાં યુનિફોર્મ સિવિલ કોડનો મુસદ્દો તૈયાર કરવાનો છે એ અંગેના આયોજન અંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં આઝાદીના ૭૫માં વર્ષની ઉજવણી થઈ રહી છે ત્યારે વડાપ્રધાન દ્વારા દેશના તમામ નાગરિકોને સમાન હક મળે તે માટે કોમન સિવિલ કોડનો દેશ વ્યાપી અમલ કરવાનો નિર્ણય કર્યો છે. ભાજપ સરકાર જે કહે છે તે કરે છે. વન નેશન વન ઇલેક્શન, આર્ટિકલ ૩૭૦, ત્રિપલ તલાક કાનૂન વગેરે માટે જે વચન આપ્યા હતા તે એક પછી એક




પૂરા થયા છે. હવે સમાન નાગરિક ધારો અમલ કરવા માટે સંકલ્પ છે. ગુજરાત સંકલ્પ સાકાર કરવા માટે હંમેશા કટિબદ્ધ છે.

રાજયમાં વસતા તમામ નાગરિકોને સમાન હક અને અધિકાર મળે તે દિશામાં આગળ વધે છે. આ માટે ગુજરાતમાં કોમન સિવિલ કોડ ની આવશ્યક્તા ચકાસવા તથા કાયદા માટે નો મુસદ્દો તૈયાર કરવા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રીમતી રંજના દેસાઈની અધ્યક્ષતામાં કમિટી રચાશે. ૫ સભ્યોની આ કમિટીમાં વરિષ્ઠ નિવૃત્ત આઈ.એ.એસ. સી એલ મીણા, આર સી કોડેકર, દક્ષેશ ઠાકર, ગીતાબેન શ્રોફનો સમાવેશ થાય છે. આ કમિટી તમામ પાસાનો અભ્યાસ કરીને ૪૫ દિવસમાં રાજય સરકારને રિપોર્ટ આપશે. આ રિપોર્ટના આધારે સરકાર નિર્ણય કરશે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# ગાયના છાણમાંથી નિર્મિત છાણાથી પ્રગટાવાશે વૈદિક હોળી



બારડોલી- ૧૩ મી માર્ચના રોજ હોળીનો તહેવાર ઉજવવામાં આવશે. અત્યાર સુધી હોળીમાં બળતરણ તરીકે લાકડા વાપરવામાં આવતાં હોય છે, જેની જગ્યાએ ગાયના છાણમાંથી બનાવેલ છાણાનો ઉપયોગ કરી વૈદિક હોળી ઉજવવા તરફ લોકો વળી રહ્યાં છે. જેથી પર્યાવરણનું રક્ષણ થઈ શકે. બારડોલી નગરમાં ઠેર ઠેર હોળી પ્રગટાવવામાં આવે છે. જેમાં હજારો કિલો લાકડાનો વપરાશ થશે. જ્યારે આ વર્ષે લોકો વૈદિક હોળી તરફ વળી રહ્યાં છે. લાકડાની જગ્યાએ મંડળો ગૌકાસ્ટ અથવા ગાયના છાણમાંથી બનેલા છાણાનો ઉપયોગ કરવામાં આવે છે.

બારડોલી નગર સ્થિ આઈએમ હ્યુમન ચેરીટેબલ ટ્રસ્ટ હોળીના તહેવારે લોકો હોળીમાં લાકડાનો ઉપયોગ ન કરી પર્યાવરણની જાળવણી રાખવા માટે લોકો છાણાનો ઉપયોગ કરે એવી અપિલ કરવામાં આવેલ છે. આઈ એમ હ્યુમન ટ્રસ્ટ સંચાલિત ગૌશાળા નાથુભાઈ ગૌવિંદભાઈ પટેલ જીવદયા આશ્રમમાં રાખવામાં આવેલ ગીર ગાયના છાણમાંથી છાણા બનાવવામાં આવે છે. જેમાં કપુર સહિતની સમગ્રી ઉમેરવામાં આવે છે. જે પર્યાવરણ દૂષિત કરતી નથી. દર વર્ષે ટ્રસ્ટ ગીરગાયના છાણમાંથી બનાવેલ છાણાનું વેચાણ કરે છે. જે વેચાણથી ઉપજ થતી રકમ પણ મૂંગા પશુઓ માટે ખર્ચ કરાશે.

અત્યાર સુધીમાં ૬ હજાર છાણાનું બુકિંગ આઈ એમ હ્યુમન ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ હાર્દિપ પટેલે જણાવ્યું હતું કે, વૈદીક હોળી પર્યાવરણમાં ખૂબ જ લાભકારી છે. જીવદયા આશ્રમમાં ગીરગાયના છાણમાંથી તૈયાર થનાર છાણા ખરીદી કરવા લોકો આવી રહ્યા છે. અત્યાર સુધીમાં ૬૦૦૦ છાણાનું બુકિંગ થઈ ચૂક્યું છે. ૧૦૦૦ નંગ છાણાની ખરીદીની ફ્રી ડિલિવરી કરવામાં આવશે. વૈદિક હોળીથી પર્યાણવણને પણ ફાયદો થશે અને છાણામાંથી એકત્ર થયેલ રકમ ગાયોની સેવામાં ઉપયોગ કરાશે.

# માંગરોળના સાવા ગામે કેમિકલ ચોરીનો મામલોઃ પકડાયેલા ચાર આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજૂર, ૨ હજૂ પણ ફરાર





**બારડોલી-**સુરત જિલ્લા કઈઇ પોલીસે માંગરોળના સાવા ગામની સીમમાં કેમિકલ ચોરીનું કૌભાંડ ઝડપ્યું છે. પોલીસને મળેલી બાતમીના આધારે ચૌધરી પેલેસના પાર્કિંગમાં દરોડો પાડવામાં આવ્યો હતો. સ્થળ પરથી ગુજરાત પાસિંગના ૪ ટેન્કરો મળી આવ્યા હતા. આ ટેન્કરમાંથી પ્લાસ્ટિકની મોટી પાઇપ મારફતે બેરલોમાં કેમિકલ ઉતારવામાં આવી રહ્યું હતું. પોલીસે સ્થળ પરથી ત્રણ ડ્રાઇવર અને એક સિક્યુરિટી ગાર્ડની ધરપકડ કરી હતી.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, સત્તાર સમા નામનો સિક્યુરિટી ગાર્ડ ટેન્કર ચાલકો સાથે મળીને સ્ટાયરીન મોનોમર નામનું કેમિકલ ચોરી કરતો હતો. જાલિમ અને ઇમરાન નામના બે મુખ્ય સૂત્રધારોના નિર્દેશ પર આ કૌભાંડ ચાલતું હતું. આ કિંમતી કેમિકલનો ઉપયોગ ફૂડ ઇન્સ્ટોલ, કન્સ્ટ્રકશન મટીરિયલ અને ઇલેક્ટ્રોનિક ઇક્વિપમેન્ટ બનાવવામાં થાય છે.

પકડાયેલા આરોપીઓમાં રાજસ્થાન બાડમેરના ભૂરારામ ચૌધરી અને રામારામ જાટ તેમજ મધ્યપ્રદેશ છતરપુરના સુરેશ શાહુનો સમાવેશ થાય છે. પોલીસે ૧૪ કેરબા અને ૪ ટેન્કર સહિત કુલ ૨.૧૭ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બે મુખ્ય સૂત્રધારોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. તેમની ધરપકડ બાદ જ કૌભાંડનો સમયગાળો, કેમિકલનો સપ્લાય રૂટ અને અન્ય સંડોવાયેલા લોકોની માહિતી મળશે. પોલીસે આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા બે દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

ગરીબ કલ્યાણ અન્ન યોજનાથી ગરીબોને મળી રાહત

# પલસાણાના પિસાદ ગામના વૃદ્ધને મળે છે માસિક ૫ કિલો અનાજ અને પેન્શન



**બારડોલી-** પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ગરીબ પરિવારો માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. આ યોજના હેઠળ નબળી આર્થિક સ્થિતિ ધરાવતા લોકોને સરકાર વિનામૂલ્યે અનાજ પૂરું પાડે છે. પલસાણા તાલુકાના પિસાદ ગામના ૬૮ વર્ષીય કાલિદાસભાઈ બાબર આ યોજનાના લાભાર્થી છે. તળાવ ફળિયામાં રહેતા કાલિદાસભાઈ ખેતમજૂર છે. તેઓ બે પુત્રો અને પુત્રવધૂઓ સાથે રહે છે. તેમના પરિવારને દર મહિને વ્યક્તિદીઠ ૨.૫ કિલો ઘઉં અને ૨.૫ કિલો ચોખા મળે છે.

રાજ્ય સરકાર દિવ્યાંગ પેન્શન, વૃદ્ધ સહાય, વિધવા સહાય અને અતિ નબળી સ્થિતિ ધરાવતા પરિવારોને 'અગ્રતા ધરાવતા કુટુંબો' તરીકે ઓળખે છે. કાલિદાસભાઈને વૃદ્ધ સહાય યોજના હેઠળ માસિક ૧૦૦૦ રૂપિયાનું પેન્શન પણ મળે છે. તેમને પીએમ આવાસ અને ઉજ્જવલા યોજનાનો લાભ પણ મળ્યો છે.

કોરોના કાળમાં લોકડાઉન દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારે અન્ન વિતરણ દ્વારા મદદ કરી હતી. કાલિદાસભાઈએ સરકારની યોજનાઓથી મળતી મદદ બદલ આભાર વ્યક્ત કર્યો છે.

# પેટ્રોલ પંપ નજીક ડીઝલ પાઇપ ફાટતાં આગ લાગી, પ્લાસ્ટિકના દાણા ભરેલું ટ્રેલર બળીને ખાખ



**બારડોલી-** અમદાવાદથી મુંબઈ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ પર એક વાહનમાં ભીષણ આગની ઘટના બની હતી. પલસાણાના કરણ નજીક આવેલા પેટ્રોલ પંપ પાસે એક ટ્રેલરમાં અચાનક આગ લાગતાં અફરાતફરી મચી ગઈ હતી. ટ્રેલર ચાલકના જણાવ્યા મુજબ, ડીઝલ પાઇપ ફાટી જવાના કારણે આગ લાગી હતી. ટ્રેલરમાં પ્લાસ્ટિકના દાણા ભરેલા હતા.

આગની જવાળાઓ જોતજોતામાં વિકરાળ બની ગઈ હતી. પેટ્રોલ પંપની નજીક જ આ ઘટના બનતા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. બારડોલી ફાયર વિભાગની ટીમને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી હતી. આગમાં ટ્રેલર અને તેમાં ભરેલો તમામ માલસામાન બળીને ખાખ થઈ ગયો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

# વ્યારામાં યશોદા એવોર્ડ વિતરણ સાથે પૌષ્ટિક વાનગીઓનું નિદર્શન





**તાપી (વ્યારા)-** વ્યારાના આંબેડકર હોલમાં આઈ.સી.ડી.એસ. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તાપી જિલ્લા કક્ષાનો પોષણ ઉત્સવ યોજાયો. કાર્યક્રમમાં ટી.એચ.આર. મિલેટ્સ, શ્રી અન્ન અને સરગવામાંથી બનતી પૌષ્ટિક વાનગીઓની સ્પર્ધા રાખવામાં આવી.

જિલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસના અધ્યક્ષ તૃપ્તિબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં પ્રાંત અધિકારી સંદીપ ગાયકવાડ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમમાં સી.ડીપી.ઓ તન્વીબેન પટેલ, જિલ્લા પંચાયત સભ્ય ભુપેન્દ્રભાઈ ગામીત સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા.

અધ્યક્ષએ જણાવ્યું કે મહિલા અને બાળ વિકાસ વિભાગ લાભાર્થીઓના પોષણ અને આરોગ્ય માટે સતત કાર્યરત છે. પ્રાંત અધિકારી ગાયકવાડે દૂધ, આંબળા અને સરગવાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોના ઉપયોગની અપીલ કરી.

# બે કન્ટેનર અથડાતાં ડ્રાઇવર-કંડક્ટર ફસાયા, ફાયર બ્રિગેડે ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા

**બારડોલી-** સુરત જિલ્લાના કામરેજ ચાર રસ્તા નજીક નેશનલ હાઈવે ૪૮ પર એક ગંભીર અકસ્માત સર્જાયો છે. મુંબઈ-અમદાવાદ હાઈવે પર ઓવરબ્રિજ ચડતી વખતે એક કન્ટેનર બીજા કન્ટેનરની પાછળ ધડાકાભેર અથડાયું હતું. અકસ્માતમાં પાછળના કન્ટેનરની કેબિન કચડાઈ જતાં ડ્રાઇવર અને કંડક્ટર અંદર ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ગઇંઅઈં અને સુરત જિલ્લા ટ્રાફિક પોલીસના ડ઼જઈં ઈશ્વરસિંહ સિસોદિયા સહિતની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

બચાવ કામગીરી માટે કામરેજ ફાયર વિભાગની ટીમને બોલાવવામાં આવી હતી. ફાયર ટીમે કચડાયેલી કેબિનને ક્રેન વડે દોરડું બાંધીને ખેંચી અને બંને ઈજાગ્રસ્તોને બહાર કાઢ્યા હતા. લોહીલુહાણ હાલતમાં રહેલા ડ્રાઇવર અને કંડક્ટરને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

# સોનગઢમાં તંબાકુ તેમજ ધૂમ્રપાનને લગતા વેચાણ અંગે તપાસ કરી દંડ ફટકારવામાં આવ્યો



સોનગઢ નગરનાં મેઈન રોડ-જુનાગામ થી દેવજીપુરા વિસ્તારમાં જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ, આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત-તાપી અને નગરપાલિકા સોનગઢના સંયુક્ત ઉપક્રમે તમાકુ નિયંત્રણ ધારો-૨૦૦૩ અંતર્ગત કાયદાનાં અમલીકરણ અને દંડની કામગીરી કરવામાં આવી હતી. જેમાં જાહેરમાં ધુમ્રપાન કરવા તથા તમાકુ ખાઇને થુંકવા પર પ્રતિબંધ ની કલમ ૪ તેમજ તંબાકુ અને ધૂમ્રપાન વિશેની પ્રત્યક્ષ કે પરોક્ષ જાહેરાત ના કરી શકાય. કાયદા મુજબ નિયત નમુનાના બોર્ડ લગાવવાની કલમ ૬-અ, તેમજ કલમ-૬-બ હેઠળ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુની બનાવટ વેચવા પર પ્રતિબંધ તથા તમાકુની તમામ બનાવટોના પેકેટની બન્ને તરફ ૮૫% ભાગમાં ચિત્રાત્મક આરોગ્ય ચેતવણી ઉપરાંત બીડી-સિગારેટનાં છૂટક વેચાણ ઉપર પ્રતિબંધ ની કલમ-૭ વિષે તમાકુની બનાવટો વેચતા દુકાનદારોને સમજ આપવામાં આવી હતી. તમાકુની બનાવટો વેચતા ૩૨ જેટલા દુકાનોમાં તપાસ કરવામાં આવી જેમાંથી તમાકુની જાહેરાતો અંગે ભંગ કરતા દુકાનદારો પાસેથી તમાકુની જાહેરાતનાં બોર્ડ ઉતારાવવામાં આવ્યા. ૧૭ જેટલા દુકાનદારોને COTPA-2003 ના કલમ ૬-અ ના ભંગ બદલ કુલ રૂ. ૩૦૦૦ દંડ સ્થળ પર કરવામાં આવ્યો.

સમગ્ર કામગીરી દરમ્યાન નગરપાલિકા-સોનગઢનાં કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓ ભાવેશ પાટીલ, ગામીત આશિષ અને ચૌધરી નિલેશભાઇ અને જયોતિષભાઈએ અસરકારક તેમજ સક્રિય ભાગ ભજવી હતી.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફલોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).